6

નાગરીક હક્ક સંરક્ષણ ધારા-૧૯૫૫ તથા અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ તેમજ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની તમામ અમલીત યોજનાઓના બહોળા પ્રચાર-પ્રસાર માટે આઇ.ઇ.સી અંગેની જોગવાઇ અન્વયે "વહીવટી મંજૂરી" બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંક: હસલ/૧૨૨૦૧૯/૮૨૩/હ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૧/૧૦/૨૦૧૯

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક: હસલ/૧૦૨૦૧૦/૭૬૩૬૫/હ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૩૦/૦૮/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: હસલ/૧૨૨૦૧૯/૮૨૩/હ

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગરનો તા.૧૮/૦૯/૨૦૧૯નો પત્ર ક્ર. અજાક/ચ/યોજના/૨૦૧૯-૨૦/૪૫૫

## પ્રસ્તાવના

કેન્દ્ર સરકારના નાગરીક હક્ક સંરક્ષણ ધારા-૧૯૫૫ તથા અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ની યોજનાકીય જાણકારી અને પ્રચાર પ્રસાર માટે પ્રિન્ટેડ સાહિત્ય, રેડિયો દ્રશ્ય શ્રાવ્ય સાધનો તેમજ સાંસ્કૃતિક માધ્યમો અને ડોક્યુમેન્ટ્રી ફિલ્મો માટે હોર્ડિંગ્સ તૈયાર કરાવવા અને જન જાગૃતિ માટે સમાજ શિક્ષણ શિબિરોનું આયોજન કરી અનુસૂચિત જાતિના કુટુંબોના વિકાસ અને જાગૃતિ માટેના પ્રચાર-પ્રસાર માટે આઇ.ઇ.સી (Information, Education & Communication) પ્લાન અમલમાં મૂકવા માટે વંચાણે લીધા ક્રમાંક (૧) થી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૪/૨૦૧૦ના ઠરાવથી જોગવાઇ કરવામાં આવી છે. જેના અનુસંધાને વંચાણે લીધા ક્રમાંક (૨) થી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના

તા.૩૦/૦૮/૨૦૧૯ના ઠરાવથી વર્ષ ૨૦૧૯-૨૦ માટે રૂ।.૫૦૦.૦૦ લાખ (અંકે રૂપીયા પાંચસો લાખ)ની "નવી બાબત" ની જોગવાઇ કરવામાં આવેલ હતી. વંચાણે લીધા ક્રમાંક (૩) થી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગર તા.૧૮/૦૯/૨૦૧૯ ની સુધારા દરખાસ્ત અન્વયે ઉક્ત ઠરાવમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

## સુધારા ઠરાવ

વર્ષ ૨૦૧૯-૨૦ માટે રૂ।.૫૦૦.૦૦ લાખની વહીવટી મંજૂરી નાગરીક હક્ક સંરક્ષણ ધારા-૧૯૫૫, અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ તેમજ નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની શૈક્ષણિક, આર્થિક ઉત્કર્ષ, આવાસ, આરોગ્ય તથા અન્ય તમામ અમલીત યોજનાઓના બહોળા પ્રચાર-પ્રસાર માટે આથી ઠરાવવામાં આવે છે.

૨. વંચાણે લીધા ક્રમાંક (૨) ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (અ.જા.ક.) (નિયામકશ્રી (અ.જા.ક.) મારફત)

- તકેદારી અધિકારીશ્રી, અમદાવાદ, રાજકોટ, વડોદરા
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ.